વાડાબંધીની પ્રક્રિયા વિપરીત પરિણામો તરફ દોરી જશે

શાંતિ, એખલાસ અને માલધારીયતની સંસ્કૃતિ માટે પ્રખ્યાત એવી બન્નીના ડુમાડો ગામમાં ૪ નવેમ્બરના રોજ ગામના જ બે માલધારી જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ. આ અથડામણમાં છ જેટલા માલધારીઓ ગંભીર રીતે ઘવાયા. બન્નીમાં ખાનગી રીતે બનાવેલા વાડાઓ અને વાડાબંધીથી પશુ ચરિયાણમાં આવી રહેલી રુકાવટ આ જૂથ અથડામણ માટે મુખ્ય કારણ બની હતી. ઘવાયેલા બન્ને જૂથના લોકોની પૃચ્છા માટે મેં હોસ્પિટલમાં તેમની મુલાકાત લીધી. ગંભીર રીતે ઘવાયેલા એક ઈજાગ્રસ્તે ભારે પીડા વચ્ચે મને કહ્યું 'રમેશ બન્નીમેં વાડે મથા વેડ થીએતી, વાડાંબંધી બંધ નઈ થીએ તો માડુએ કે મરેજો વખત અચીંધો, હેડો છાપેમેં લેખ લખી છડ.' બન્નીની જમીનમાં ખાનગીકરણ અને વાડાબંધીના ગંભીર ભવિષ્યને પામી ચૂકેલા એ ઘાયલ માલધારીના શબ્દોમાં બન્નીમાં જમીનના વ્યક્તિગત વાડાબંધીથી ઊભી થયેલી તકલીફો અને ગંભીર પીડા વર્તાઈ આવતી હતી, જે પીડા અનેક આમમાલધારીઓ રોજબરોજ અનુભવી રહ્યા છે. બન્નીમાં વાડાબંધીનાં વિપરીત પરિણામોની આ હજુ શરૂઆત છે, આ ઘટનાએ મને બન્નીની આ વકરી રહેલી સમસ્યા વિશે લખવા મજબૂર કર્યો છે.

એશિયામાં મોંગોલિયાના ઘાસિયા મેદાનોની જેમ ભારતમાં જેને સૌથી વિશિષ્ટ કહી શકાય તેવી બન્ની ઘાસિયા ભૂમિની નીચેના કાવ્યમાં પ્રાકૃતિક, નૈસર્ગિક અને ભાતીગળ સંસ્કૃતિની એક વિશિષ્ટ છાપ ઉભરી આવે છે.

કચ્છ જી રણ કંધી મથે નીલી બન્ની ન્યાર, નીલા નેશ નવાણને ઘા મીઠા ગુલઝાર, ગોયું મૈયુ મતારીયુ ને ઘી મખણ અપાર, ફરો ફુટી પ્રભાત થઈ હુતે છાય કે છબકાર

કચ્છના કવિ દુલેરાય કારાણીએ ભૂતકાળમાં બન્નીની ભવ્યતા સુંદરતા, સભ્યતા અને વૈવિધ્યતાને નિરખીને બન્નીની એ વખતની જાહોજલાલીને કાવ્યના રૂપમાં તેનુ અદ્‌ભૂત વર્ણન કર્યુ હતુ. માલધારી સંસ્કૃતિનો ઈતિહાસ માનવ સમાજના ઈતિહાસ સાથે જોડાયેલ છે. માનવ સંસ્કૃતિનો ઈતિહાસ એવુ જણાવે છે કે દશ હજાર વરસ પહેલા માનવ પાષાણ અવસ્થામાંથી જયારે સભ્ય સમાજ તરીકે જીવતા શીખ્યો ત્યારે સૌ પ્રથમ માલ એટલે કે પશુઓ રાખતા શીખ્યો, ત્યાર પછી ખેતી કરતા શીખ્યો આમ પશુપાલન (માલધારીયત) સંસ્કૃતિએ માનવ સમાજની સૌથી જૂની સભ્યતા (સંસ્કૃતિ)છે. કચ્છ અને બન્નીની માલધારી જીવનશૈલી દશ હજાર વરસ જૂની સભ્યતાને જાળવી રાખનાર આપણી સૌથી મોટી ધરોહર છે. કવિ દુલેરાય કારાણીએ વર્ણવેલી બન્નીની માલધારી સંસ્કૃતિ આજે પણ એટલી જ સમૃધ્ધ અને જીવંત છે.

બન્ની તેની જૈવ વૈવિધ્યતા, માલધારીઓની ભાતીગળ અને ભવ્ય

સંસ્કૃતિ, વિશિષ્ટ પશુ નસ્લો, હસ્તકળા સંગીત વગેરે અનેક બાબતોથી વિખ્યાત છે. બન્નીના માલધારીઓ પૂર્વાદિકાળથી બન્નીને પશુ ચરિયાણ માટે ઉપયોગ કરતા આવ્યા છે. માલધારીઓની માન્યતા મુજબ બન્ની એતો દાદા આદમની બક્ષિસ છે. તેથી અહીં ખેડ કરવી કે હળ ચલાવવા જેવી પ્રવૃતિને પહેલેથી જ વર્જિત ગણવામાં આવી છે. ઈતિહાસ બતાવે છે કે સાતસો વરસ પહેલા માલધારીઓ પૂર્વ એશિયામાંથી પશુઓના ચરિયાણની શોધમાં બન્નીમાં આવીને વસ્યા હતા. આ સાતસો વરસોના ગાળા દરમ્યાન થયેલ અનેક પેઢીઓ, વંશજોએ દાદા આદમની પરંપરાને જાળવી રાખી અને બન્નીને માત્ર પશુઓના ચરિયાણ માટે જ ઉપયોગમાં લીધી હતી. તેઓએ ખેતી કે બીજા ઉપયોગની લાલચમાં આવ્યા વગર બન્નીને કુદરતી વારસા તરીકે જાળવી રાખીને તેને હમેંશા પશુઓના ચરિયાણ માટે સામૂહિક સંશાધન તરીકે જ ઉપયોગ સાથે તેનુ જતન કર્યુ છે. બન્નીના માલધારીઓની વર્તમાન સભ્યતા, ભવ્યતા, સુખ-સંપતિ અને સાંસ્કૃતિક વિરાસત તેમના એ પૂર્વજોના જ્ઞાન, મહેનત, ખંત અને નિસ્વાર્થપણાને આભારી છે.

પર્યાવરણ

રમેશ કે. ભટ્ટી

ઐતિહાસિક તથ્યો પણ જણાવે છે કે રાજાશાહીના યુગમાં કચ્છના મહારાવશ્રી દેશળજીએ માલધારીઓના ગૌપાલન અને ગૌપ્રેમને ધ્યાને રાખીને ગાયોને મૂક્ત રીતે ચરાવવા સામૂહિક ઉપયોગ માટે બન્નીમાં માલધારીઓને વસાવ્યા હતા પણ એ શરતે કે માલધારીઓ જમીનને ખેડશે નહી, ખેતી કરશે નહી અને તેનો વ્યકિતગત ઉપયોગ પણ કરશે નહી. બન્નીના માલધારીઓને ફકત ગાયો ચરાવવા અને તેના પાણીના ઉપયોગ માટે કુદરતી ઝીલોમાં વસવાટ માટેના મહારાજાએ હુકમો કર્યા હતા. જે અંગે વિક્રમ સંવત ૧૯૧૨ અને ૧૯૧૬ના એટલે કે આજથી આશરે ૧૫૬ વરસ જુના લેખિત દસ્તાવેજો માલધારીઓ પાસે છે. જેના ઉપરથી જાણી શકાય કે બન્નીની ભૂમિને મહારાજાએ માલધારીઓને પશુઓ ચારવાના સામૂહિક ઉપયોગ માટે આપેલી હતી.

પણ દાદા આદમની એ બન્ની હવે તેની અસલીયત અને ઓળખ ગુમાવી રહી છે. માલધારીઓના પૂવર્જોએ સાતસો વરસ સુધી જાળવેલી અખંડ પરંપરા હવે ખંડિત થઈ રહી છે. માલધારીઓના પૂર્વજોએ પુરી સમજણ અને સંભાળ પૂર્વક વ્યકિતગત ઉપયોગ અને ખેતી ન કરવાની જાળવેલી પરંપરાનો હવે લોપ થઈ રહયો છે. પરિણામે બન્નીમાં વાડાબંધી અને ખેતી કરવાનો દોર શરૂ થયો છે. લોભ અને લાલચ જેવા દુર્ગુણો જેના સ્વભાવમાંય ન હતા તેવા માલધારીઓના સ્વભાવમાં આવા દુગુર્ણો ઘર કરવા લાગ્યા છે.

આ બાબતે બન્નીના માલધારીઓ સાથે કામ કરવાના છેલ્લા દશ વરસના મારા અનુભવના આધારે કેટલાક અગત્યના તારણો બહાર આવ્યા છે. બન્નીના બુર્ઝુગો અને પીઢ માલધારીઓ કે જેઓ બન્નીની

(જુઓ પાનું ૪)

અજીબ સંબંધના ઓવારણા...

રાજકોટની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલનું નામ આવે એટલે એ સ્કૂલ એટલે જ્યાં મહાત્મા ગાંધી ભણ્યા હતા એવું અચૂક બોલાય. જે શાળાના ઘડતર થકી મહાત્મા ગાંધીના ગુણોનો ગુણાકાર થયો હશે એ શાળાને ગાંધીજી કયારેય ભૂલી શકયા હશે ખરા?

શાળા દરેકના જીવનનું એક અભિન્ન અંગ હોય છે. જેમ માતા-પિતા, ભાઇ-બહેન, સગાં-સંબંધી આપણા જીવન સાથે વણાયેલા હોય છે તેમ આપણે જે શાળામાં ભણ્યા હોઇએ એ પણ આપણી સાથે એવી રીતે વણાઇ ગઇ હોય છે કે વાતવાત-માં આપણે તેનો ઉલ્લેખ કરતા હોઇએ છીએ. ગૃહસ્થીમાં પ્રવેશ્યા પછી બાળકોને વારેવાર કહેતા હોઇએ કે જો હું આ શાળામાં ભણ્યો હતો. દાદા બની ગયા હોઇએ ત્યારે પુત્ર એના પુત્રને કહેતો હોય છે કે જો તારા દાદા આ શાળામાં ભણ્યા હતા. આજે અને આજથી પછીના વર્ષોમાં શાળાઓ જીવનના વણાટના તાર મજબૂતીથી જાળવી શકશે ખરી?

સમાજમાં આજે એક પ્રશ્ન છેડી દેવાયો છે. આજનો વિદ્યાર્થી પોતાની શાળા પ્રત્યે ચિરંજીવ ગૌરવ અનુભવતો હશે? વાત સાપેક્ષમાં થાય છે. જૂની પેઢીના લોકો પોતાની શાળાને નિરંતર યાદ કરતા હોય તેનું પ્રમાણ સો ટકા રહેતું. આજે સાવ શૂન્ય ટકા નહી હોય તો પણ જીવનના અન્ય મૂલ્યોની જેમ શાળા પ્રત્યેની સ્મૃતિ, ગૌરવ અનુભવવામાં ઘટાડો તો ચોકકસ થયો છે. ભવિષ્યમાં તે શૂન્ય ટકા થાય છે કે ફરી પાછું સો ટકાને સ્પર્શે છે તે જોવાની જવાબદારી શાળાની છે.

આજે કયારેક જૂની શાળાના વિદ્યાર્થીઓ, જૂની કોલેજામાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ ૯૦-૯૫ વર્ષો સુધી, જીવનપર્યંત મૈત્રી મંડળો ચલાવે છે. એ શાળામાં તેમના પુત્ર કે પૌત્રો ભણતા હોય ત્યારે પણ શાળાની સિદ્ધિના સમયે શાળાનું ગૌરવ અનુભવતા હોય છે. આજના વિદ્યાર્થીઓ આવું કરશે ? ભવિષ્યમાં પોતાની શાળાને ગૌરવની નજરે જોતા વિદ્યાર્થીઓ અત્યારે તો દેખાતા નથી. તો ખૂટે છે શું ?

શાળા તો પત્થરોથી બનેલી ઈમારત છે. છતાં એક સજીવ વ્યકિત જેમ તેને ભેટી પડવાનું સતત મન થાય એવી લાગણી અવિરત વહેતી કારણ કે તેને સજીવ બનાવતા શિક્ષકો હતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સેતુ, સંબંધ કંઇક એવા હતા કે કયારેક મા-બાપથી પણ વિશેષ માન, મરતબો અને મહત્વ શિક્ષકનું રહેતું. આ

પાથેય

સુનીલ માંકડ

mankadsunil@gmail.com

લખનારને યાદ છે કે જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં શાળા સિવાયના સમયે કે રજાના દિવસે સાયકલ ચલાવતા હોઇએ ત્યારે શિક્ષક સામેથી આવતા દેખાય ત્યારે ખૂબ જ માનથી સાયકલ ઉપરથી નીચે ઉતરી પડાતું અને બે હાથ જોડાઇ જતા 'નમસ્તે' કહેવા માટે.

શિક્ષણનું મૂલ્ય શિક્ષકો માટે માત્ર અર્થ ઉપાર્જન તે સમયે નહોતું એવું આજે લાગી રહ્યું છે. અને કદાચ તેથી જ શિક્ષકો વિદ્યાર્થીઓમાં અને સમાજમાં 'માનનીય' હતા. અને તે થકી જ શાળા પ્રત્યેનું ચૂંબકીય આકર્ષણ અને તીવ્ર લાગણી પરિવારના સદસ્ય કરતાં પણ વિશેષ જીવનપર્યંત રહેતી.

આજે આ મૂલ્યોમાં થયેલા ઘટાડાએ જ શાળાને માત્ર ઈમારત બનાવી દીધી છે અને શિક્ષકને માત્ર 'ટીચર'. ટયૂશન કલાસ અને શાળા વચ્ચેનો ભેદ સમજવામાં જ આજનો વિદ્યાર્થી અટવાયેલો છે. આજથી બે-ત્રણ દાયકા પછી આજનો વિદ્યાર્થી જો શાળા અને શિક્ષકનું નામ યાદ રાખી શકશે તો એ આજના વાતાવરણના શિક્ષક અને શાળાને સલામ કહેવાનું મન થશે.

શાળાના સમય બાદ પણ શિક્ષકો અવિરત શિક્ષક અને માર્ગદર્શક બની રહેતા. શાળા સિવાયના સમયના પગાર વિશે તેઓ વિચારતા પણ નહીં. શાળા સમય બાદ મિત્ર, હમદર્દ અને પ્રેરક બનતા શિક્ષકને અને તે થકી તેવી શાળાઓને આજે આપણે ગૌરવભેર યાદ કરી શકીએ છીએ. આવું ને આવું ગૌરવ હૃદયમાં સંચિત કરવું તે આજના શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થીની પણ ફરજ છે. અન્યથા શાળા અને શિક્ષકનું જીવનપર્યંત ગૌરવ હોઇ શકે એ પણ ભવિષ્યનો વિદ્યાર્થી માનવા તૈયાર નહીં થાય.....!

વહીવંચા પરંપરાના જૂના રક્ષક

વાલજીભાઇ બારોટ ૯૦ વર્ષેય અસ્ખલિત ધારામાં વહી સંભળાવે છે.

કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાનની ચારણ તથા અન્ય જ્ઞાતિઓમાં યજ્ઞોપવિત, વિદ્યારંભ, નામકરણ કે લગ્ન સંસ્કારોનું જેટલું મહત્ત્વ હોય છે એટલું જ બલકે એનાથી અધિક મહત્ત્વ પોતાના પરિયા-ચોપડા-વહીમાં બાળકનું નામ લખાવવાના ઉત્સવનું હોય છે.

ગામડાં ગામમાં પ્રભાતના પહોરમાં ભાટ-બારોટ-રાવળદેવ ડેલીમાં, દરબારગઢમાં કે ફળિયાના ચોકમાં પ્રભાતિયાના સૂર વચ્ચે ભાયાતના ભાઈઓ એકત્ર થયા પછી કન્યાઓ, પુત્રવધૂઓ પરિયા-પોતાના પૂર્વજોના ઈતિહાસગ્રંથ વહીને કંકુ, ચોખા અને પુષ્પોથી વધાવે છે. ગઢેરા-ટીલાત-અગ્રણીઓ ચોપડાનું વિધિવત પૂજન કરે છે. રાવળદેવ બિરદાવલિ શરૂ કરે છે, મધુરકંઠે, કાવ્યમય ભાષામાં છંદોના તાલ સાથે પૂર્વજોના યશગાન ગવાય છે. બધો જ શ્રોતાસમૂહ એકત્ર થઈ જાય પછી વહીનું વાંચન શરૂ થાય છે. બારોટના વયોવૃદ્ધ મુખિયા એક અલગ પરંપરાગત પદ્ધતિથી સાંકેતિક ભાષામાં પોતાની આગવી લઢણથી કહે છે.. આજ તારે ઘરે.. ગોત્ર પરોણું. કુળની કથા.. હુંભળે જ.. પછી આદઃ આદના નમ..લીજે.. આદ..ના.. અહંકાર..' અહંકારના નિરાકાર.. નિરાકારના નામ.. નામના જળ.. જળના કમળ... પછી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, પછી ઋષિવંશો... નાગવંશો.. સૂર્યવંશ.. ચંદ્રવંશ.. અગ્નિવંશ.. વગેરેની વંશાવલિઓની શરૂઆત થાય. ચારણોમાં દેવકુળ પછી માનવકુળ અને છેલ્લે જે તે શાખા ગોત્ર. ભાયાત, પરિવારનું નામ આવે એમાં નવાં નામ લખાય. જે પરિવારમાં પુત્ર ન હોય એ માતા-પિતાની આંખમાં આસું પણ આવે. બંધ થતા પેઢીનામાના છેલ્લા વંશજો તો ધ્રૂસકે, ધ્રૂસકે રડવા પણ માંડે, ઘણાના પિતા, દાદા, પરદાદા, વડદાદાના નામો સાંભળી આંખ ભીની થાય. પોતાના પૂર્વજોના પરાકર્મોની, દાનવીરતાની, શૂરવીરતાની યશગાથા સાંભળી ગૌરવ અનુભવાય. નામ લખાઈ જાય પછી વિધિવત દાન, માન, સન્માન આપવામાં આવે છે. મોસાળપક્ષ તરફથી પણ દાન અપાય છે. ભોજન દક્ષિણા પછી રાવળદેવોને વિદાય આપવામાં આવે છે. આ લોકપરંપરા-લોકોત્સવ લુપ્ત ન થઈ જાય એ માટે આજે પણ આવા પ્રકારના કામ માટે ૯૦ વર્ષના વાલજી ધનજી બારોટ પ્રવૃત્ત રહ્યા છે. મૂળ ભુવડના વાલજીભાઈ આ એકમાત્ર કામ કરે છે. તેમના પાસે પરંપરાગત વહીઓ પણ છે અને ખાસ તો મૌખિક સાહિત્યનો સંગ્રહ પણ મનની લાયબ્રેરીમાં ભારોભાર સચાવાયો છે. તેમના બે નાના ભાઈ અત્યારે હયાત નથી તો એક પુત્ર પણ તેમને વિલાપતાં મૂકી ગયો છે. પણ બીજો પુત્ર અરવિંદભાઈ તેમને મદદરૂપ થતો રહે છે. વાલજીભાઈ માત્ર ગઢવીઓ જ વહીવંચાનું કામ કરે છે. વહીવંચાની પેઢીના આ સૌથી જૂના વાલજીભાઈ આ કાર્ય ખૂબ જ ઉમદા રીતે બજાવી રહ્યા છે. આજે એક પેઢી લુપ્ત થાય છે તો બીજી પેઢી તેમાં ઉમેરાય છે. કુટુંબના સભ્યોની આવી જતી-આવતી પેઢીનો ઈતિહાસ સાચવીને રાખવાનું કામ કરતી જૂની પેઢી ખરેખર તો વંદનીય છે, હવે નવી પેઢી પણ આ કામમાં આગળ વધે એ પણ જરૂરી છે.

- આશાનંદ ગઢવી

પેન્શનર ઓટલો

જૂનું એ સોનું સિનિયર સિટીઝન

આજે વિજ્ઞાનયુગમાં અને તબીબીક્ષેત્રે એવી હરણફાળ ભરાઈ કે અસાધ્ય રોગ સામાન્ય રોગ થઈ ગયા અને આયુષ્યમર્યાદા વધી ગઈ છે. વૃદ્ધો ૭૫-૮૦-૮૫ અને તેથી વધુ ઉંમરના હરતા ફરતા હોય છે. આવા વડીલોએ ખરેખર તો તે પ્રમાણે ઈશ્વરે વડીલોને શસક્ત રાખ્યા હોય કોઈ તકલીફ ન હોય તો આવા વડીલોએ ઘરમાં પોતાના દીકરા વહુ-પૌત્રાઓને ઉપયોગી થવાય તેવા ઘરના કામમાં સાથ આપવો જોઈએ. જ્યાં આર્થિક સંયોગો સારા છે તેવા ઘરોમાં બધા કામ કામવાળી મારફત ભલે થતા હોય પણ પોતાનું કામ પોતે કરવું. સાસુઓએ પણ વહુઓને મદદ કરવી જોઈએ.

જો દીકરા-વહુ સાથે રહેતા હોય તો આવા વડીલો હવે પોતાનો એક રૂમ અલગ રાખી તેમાં ધર્મ-ધ્યાન પાઠ-પૂજા કરવા જોઈએ. વડીલોએ સમાચાર સિવાય ટીવીનો શોખ પોતાના માન ખાતર છોડી દેવો જોઈએ. તે જ પ્રમાણે ૫૦-૫૫-૬૦ વર્ષ સુધી ખૂબ ખાનપાન કર્યું હવે જીભનો સ્વાદ ઓછો કરવો જોઈએ. વડીલોએ વર્તમાન યુગમાં સાવધાન થઈ, જો કોઈ સલાહ માગે તો જ સલાહ આપો અને વડીલો પણ સલાહ તો જ આપે કે પ્રથમ મારી સલાહ મારા ઘરમાં કોઈ માને છે ?

- હર્ષેન્દુ છાયા



વાણીસંયમ : ગરિમા તો જ જળવાય



તમે વડીલ છો. અનુભવોથી ઘડાયેલી વ્યક્તિમાં તમારી ગણના થાય છે. તમારો શબ્દ વજનદાર હોવો જોઈએ. તમે રજૂ કરેલી વાત પર ધ્યાન આપવું જ પડે તેવું તમારું વ્યક્તિત્વ હોવું જોઈએ. તમારો વાર્તાલાપ તમારી મહત્તાને વધારી પણ શકે અને ઘટાડી પણ શકે. એટલે કેટલીક એવી બાબતો છે જેને ટાળવી જોઈએ.

નીચે જણાવેલી પાંચ બાબતો પર તમે નજર કરો. તમારી છાપ આ પાંચ બાબતોને લીધે ધૂંધળી બનતી હોય છે.

નિંદા કરવી

તમે ઘરમાં અને મિત્રોમાં વાતો કરો છો તે વખતે બીજા લોકો માટે ખરાબ બોલશો નહીં. તમે નિંદા ન કરો તો તમે વધુ સારા લાગશો. સામા માણસનું ધ્યાન ખેંચવા માટે તમે નિંદા શરૂ કરો છો. સામા માણસના મનમાં તમારી છાપ કેવી પડે છે ? યાદ રાખજો, નિંદા કરવા દ્વારા તમને થોડી મજા મળે છે તે કબૂલ. વિશ્વાસ ખોઈને મજા લૂંટવાનો શો મતલબ છે ?

નિંદા ન કરનારી વ્યક્તિને તમે પોતાનું દુઃખ કહી શકો છો. નિંદા કરનારને તમે મનની વાત જણાવી શકતા નથી. નિંદાની સાથે જોડાયેલો માણસ, જે ઘરમાં રહે તેનાથી પણ સારા માણસ દૂર ભાગે છે. બીજા-ત્રીજા માણસોની અંગત વાતો જાહેર કરવાથી, કોઈ વ્યક્તિની ભૂલને જગજાહેર કરવાથી કોઈ માણસની નબળાઈને ખુલ્લી પાડવાથી તમને શું મળે છે ? તમે આજ સુધી કેટલા લોકોની નિંદા કરી હશે તે બધા જ ધીમે ધીમે તમારી નિંદા કરવા લાગશે. તમે તમારી નિંદા કોઈ ન કરે તેવું ઇચ્છતા હો તો તમારા મોઢેથી બીજાની નિંદા કરવાનું સદંતર છોડી દો. તમે કોઈના માટે ખરાબ બોલતા નથી. આવી સજ્જડ છાપ હોવી જોઈએ તમારી. જાગ્યા ત્યારથી સવાર.

સલાહ આપવી

સલાહ આપવાની મજા એટલા માટે આવે છે કે સલાહ આપીને તમે તમારી જાતને મૂઠી ઊંચેરા સાબિત કરી શકો છો. તમને એમ લાગે છે તે તમે સામા માણસનું કામ આસાન કર્યું છે સલાહ આપીને. તમે એવું માની લો છો કે તમે આપેલી સલાહ સામા માણસને બહુ ગમે છે. હકીકત અલગ છે. માગ્યા વિના આપવામાં આવતી સલાહને શુદ્ધ ગુજરાતી ભાષામાં કચકચ કહેવાય છે.

સામા માણસને જે કામ કરવું હોય તે એ ભલે કરતો. તેને એ કામ જે રીતે કરવું હોય તે રીતે કરવા દો. તમે તેના હાથે ભૂલ થઈ જશે તેવું માની લો છો અને સલાહ આપવા દોડી જાઓ છો. તેની સ્વતંત્રતામાં દખલઅંદાજી કરવાનો હક તમને કોણે આપ્યો છે ? તમારી નજર સામે થઈ રહેલી પ્રવૃત્તિઓમાં તમારી સૂચનાઓનો ફાળો હોવો જ જોઈએ તેવું તમારા સિવાય બીજું કોઈ માનતું નથી.

ભૂલ થતી હોય તો પ્રેમથી જણાવીએ તે અલગ વાત છે અને સતત માથું પકાવતા રહીએ તે અલગ વાત છે. તમારો પ્રેમ વ્યક્ત કરવા માટે તમે સલાહ આપવાનો રસ્તો અપનાવો તે તમારી ભૂલ છે.

સામી વ્યક્તિને અણગમો થતો હોય છે તમારી સલાહને લીધે. તમારો મુદ્દો ગમે તેટલો સારો હોય, પરંતુ તે સામા માણસને મહત્ત્વનો ન લાગતો હોય તો તમે શું કરશો ? સતત સલાહ આપતા રહીને તમે સામા માણસના આત્મવિશ્વાસને તોડો છો.

તમને જે વિષયમાં પુછાય તે જ વિષયનો જવાબ આપો.

તમને જે વિષયમાં પુછાયું નથી તેમાં રસ લેવાનું છોડી દો. તમે સલાહ આપવા દ્વારા તમારા અનુભવોનો લાભ સામા માણસને આપો છો એવું નથી, તમે સામા માણસને એ જતાવો છો કે મારા જેટલો અનુભવ તને નથી. સામો માણસ આનાથી ગિન્નાય છે.

તમે ન બોલો અને સામા માણસને ખાડામાં પડવા દો એવું નથી કરવાનું. તમારે ચોક્કસ ભૂમિકા સાથેનું સંતુલન બનાવવાનું છે. તમે વણમાગી સલાહ ન આપો. તમે એવી સલાહ આપો જેને ઉવેખી ન શકાય. સામા માણસ પર ભરપૂર વિશ્વાસ વ્યક્ત કરી દીધા પછી સંયમિત શબ્દોમાં સલાહ અપાય તે રાજ-અજ્ઞાની જેમ શિરોધાર્ય થાય છે.